Shree Ghoghari Lohana Mahajan Mumbai

PRICE ₹ 5

(પબ્લીક ટ્રસ્ટ રજી. ન. એ-૧૫૮૬ -બી)

# શ્રી ઘોઘારી લોહાણા સંદેશ

શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈનું મુખપત્ર

તંત્રી : શ્રી અષ્ટકાંત હરીલાલ સુચક

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : ૯૯૮૭૨૪૦૪૦૪
ફોનઃ ૦૨૨-૨૬૨૮૩૭૧૫ - Email : secretary@sglm.in - Website : www.sglm.in

Vol. No. 1 Issue No. 1 JULY - 2015 રવિવાર, ૨૬ જૂલાઈ ૨૦૧૫, આષાઢ સુદ ૧૦

## શુભ સંદેશા



શ્રી કૃણાલભાઈ વજાણી
(ચેરમેનશ્રી)

લગભગ બે વર્ષ પહેલાં શ્રી કનુભાઈ મગદાણીના પ્રમુખપદ હેઠળ પ્રમાણમાં યુવા ટીમે નવા નિશ્ચયો સાથે ઘોઘારી લોહાણા મહાજનની ઘૂરા સંભાળી.

મહાજનના ઈતિહાસમાં પ્રથમ વખત મહાજનનું પોતાનું મુખપત્ર બહાર પડી રહ્યું છે. તે માટે સર્વ પદાધિકારીઓ, કારોબારી સભ્યો તથા જેમણે અમારામાં વિશ્વાસ મૂક્યો છે તે સર્વ જ્ઞાતિજનોને ખૂબ ખૂબ મુબારકબાદી.

મુખપત્ર દ્વારા આપણે એકબીજાની વધુ નજીક આવી શકશું અને જ્ઞાતિના ઉત્કર્ષ માટેના કાર્યો માટે વિચારોની આપલે કરી શકશું.

અત્યાર સુધી આપણી જ્ઞાતિની મહાજનવાડી અને અન્ય સ્થાવર મિલકતોના વહીવટમાં ઘણી ગૂંચવણો નજરે પડી છે. અમારા પ્રયત્નો ચાલુ છે કે આ બધું ગુંચવણોને ઉકેલીને કાયદાકીય રીતે બધી બાબતોનો નિવેડો લાવી, જ્ઞાતિજનોના હાથમાં આપણા વડીલોની મિલકત વ્યવસ્થિત રીતે આવી શકે.

આ માટે મહાજનમાંથી નિવૃત થયેલા વડીલો, આ મિલકતો અંગેના જાણકારો તથા અનુભવીઓ પાસેથી યોગ્ય માર્ગદર્શન મેળવવા પ્રયત્નો ચાલુ છે.

મહાજનની તથા મહાજનને સંલગ્ન મહિલા પાંખ અને યુવા પાંખની પ્રવૃતિઓ, બધાના ઓડીટેડ હિસાબો જ્ઞાતિજનો સમક્ષ મુખપત્ર માધ્યમથી ઉપલબ્ધ કરાશે.

જ્ઞાતિજનોના સર્વ કાર્યોમાં અમે સર્વ જ્ઞાતિજનોને ખાસ કરીને યુવાનો અને બહેનોને પોતાનું યોગદાન આપવા આગ્રહભરી વિનંતી કરીએ છીએ.

કોઈ પણ કાર્ય માટે અનુભવીઓની આંખ, યુવાનોના જોમની પાંખ અને બહેનોના કોઠાસૂઝની દિશા સૂચનનું મિશ્રણ ઉત્તમ કાર્યનું પરિણામ આપે છે.

આપ સર્વના સૂચનો આવકાર્ય છે.



શ્રી સતિષભાઈ વિઠલાણી
(પ્રમુખશ્રી)

સમસ્ત જ્ઞાતિજનોના મન સુધી પહોંચાય, સૌના હૃદયમાં ભાતૃભાવ અને પ્રેમભાવના જાગૃત થાય, મહાજન અને જ્ઞાતિજનો વચ્ચે એક સંપર્ક સેતુ રચાય તેવો ઉદેશ્યથી આપણા ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના મુખપત્રનો પ્રથમ અંક આપ બધા સમક્ષ મૂકતા આનંદની લાગણી અનુભવાય છે.

મુખપત્રના માધ્યમથી મહાજન ઘોઘારી લોહાણા મહિલા સમાજ, ઘોઘારી લોહાણા યુવક મંડળ દ્વારા થતી પ્રવૃત્તિઓ તથા ભવિષ્યમાં કરવા ધારેલ જ્ઞાતિહિતની પ્રવૃત્તિઓની વ્યવસ્થિત જાણ જ્ઞાતિજનોને કરી શકશે.

મહાજન તથા તેને સંલગ્ન મંડળો અને ટ્રસ્ટો દ્વારા અત્યારે શિક્ષણ સહાય, મેડીકલ સહાય, અનાજ વિતરણ વગેરે જેવી પ્રવૃત્તીઓ ચાલે છે. તદુપરાંત ધાર્મીક અવસરો અને લગ્નોત્સુક યુવક-યુવતીઓના પરિચય મેળાનું આયોજન થાય છે.

આ બધી પ્રવૃત્તીઓનો વધુ વિકાસ થાય, જ્ઞાતિજનોને સહાય સાથે સ્વાવલંબન માટે માર્ગદર્શન મળે, વરિષ્ઠ જ્ઞાતિજનોનું સ્વમાન સચવાય અને તેમનું જીવન ધોરણ સુધરે તે માટેના પ્રયત્નો મહાજન દ્વારા થઈ રહ્યા છે.

મુખપત્ર દ્વારા મહાજનની, મહિલા સમાજની, યુવક મંડળની પ્રવૃત્તીઓની જાણ કરાય તે ઉપરાંત આપણા સમાજમાં છુપાયેલ રત્નોને પોતાના વિચારો, પોતાના લેખ, કવિતા વગેરે મહાજનની ઓફીસે મોકલવા નિમંત્રણ છે.

વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે પણ આપણા મુખપત્રમાં એક વિભાગ ટુક સમયમાં શરૂ કરાશે.

સમાજની સ્થાયી મિલકતો બાબતે જે ગૂંચવણો પડી છે, તેનો નિકાલ લાવવા માટે કાયદાકીય સલાહકારોના માર્ગદર્શન સાથેના પ્રયત્નો ચાલુ છે. અને તેમાં થયેલ કાર્યવાહી, પ્રગતિ અંગે જ્ઞાતિજનોને મુખપત્ર દ્વારા જાણ કરાતી રહેશે.

આપ સૌના હકારાત્મક સાથ સહકારની અપેક્ષા સાથે.



શ્રી કનુભાઈ મગદાણી
(ભૂ.પૂ.પ્રમુખ, ટ્રસ્ટી)

શ્રી ઘોઘારી લોહાણા 'સંદેશ'નું મહાજનનું મુખપત્ર આજ રોજ પ્રકાશિત થાય છે તેનો આપણને સર્વેને આનંદ તથા ગર્વ છે.

ઘણા જ વર્ષોના પ્રયાસ પછી આ મુખપત્ર પ્રકાશિત થાય છે તે બદલ સર્વ કાર્યકરોને હાર્દિક અભિનંદન, આપણું ઘોઘારી લોહાણા મહાજન પ્રમાણમાં ઘણું જ નાનું છે પણ સંગઠિત છે તેનો મને ગર્વ છે. આપણી જ્ઞાતિની એક સુંદર વાડી બનાવવા માટેની ઘણા જ સમયથી ઈચ્છા છે, પૂજ્ય શ્રી જલારામબાપાને પ્રાર્થના કરૂ કે આ સ્વપ્ન જલદીથી સિદ્ધ થાય, આ મુખપત્રથી આપણા જ્ઞાતિબંધુઓને મહાજનની પ્રવૃત્તિઓની જાણકારી મળશે તથા મહાજનના કાર્યમાં નવયુવાનો રસ લેતા થશે તેવી અપેક્ષા.




શ્રી અજીતભાઈ ઠક્કર
(મેને.ટ્રસ્ટી)

શ્રી ઘોઘારી લોહાણા સમાજના પ્રથમ મુખપત્રને રજુ કરતા હું ખૂબજ આનંદની લાગણી અનુભવું છું. સૌથી મોટો આનંદ એ છે કે કેટલા વર્ષો બાદ આપણે સહુ આપણા મુખપત્ર દ્વારા આપણા સમાજની સાથે સંવાદસેતુથી જોડાઇ રહ્યા છીએ.

આપ જ્ઞાતિજનોના આશિર્વાદ થકી આપણી જ્ઞાતિના દરેક કાર્યો સરસ રીતે પાર પડે ઉપરાંત જ્ઞાતિને અમારી જરૂરીયાત જણાય ત્યા અમે હાજર થઈ શકીએ તેવી આપ સર્વે દ્વારા શક્તિ મળે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

મીડીયા કમીટીને મારા અભિનંદન



શ્રી જનકભાઈ ઠક્કર
(ટ્રસ્ટી)

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ઈતિહાસમાં પ્રથમ જ વખત મુખપત્ર પ્રગટ થવા જઈ રહ્યું છે. તે સાચ્ચે જ એકવીસમી સદીને અનુરૂપ છે. સંસ્થા સમાચારો અને વ્યક્તિ વિશેષોની માહિતી થકી જ્ઞાતિજનોને એકબીજાની નજીક લાવશે, આ નિમિત્તે મારી હાર્દિક શુભકામના.



ડૉ. સૂર્યાબેન રૂપારેલીયા
(ટ્રસ્ટી)

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રથમ મુખપત્રના અંકને દીર્ઘાયુભવની હાર્દિક શુભકામના. વર્તમાન સમયની જરૂરીયાત પરખી હાલની કારોબારીના પ્રસંશનીય પગલાંની ઘોઘારી લોહાણા જ્ઞાતિના સભ્યો વધાવતા ચોક્કસ હર્ષ અનુભવશે. શુભમ અસ્તુ વરદ અસ્તુ



શ્રીમતી રશ્મીબેન વીઠલાણી
(ટ્રસ્ટી)

જ્ઞાતિ વિકાસમાં મુખપત્રનો પણ ઉચિત ફાળો હોય છે. આજના ઝડપી યુગમાં જ્ઞાતિજનો એકબીજાના સંપર્કમાં રહી શકતા નથી તેમજ જ્ઞાતિ પ્રવૃત્તી વિષે અજાણ હોય છે.

શ્રી ઘો.લો.મ. જ્ઞાતિજનોને મેડીકલ સહાય, આર્થિક સહાય, અનાજ સહાય, જરૂરીયાત હોય તે વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય તેમજ જ્ઞાતિહિતના કાર્યો માટે તત્પર છે. જ્ઞાતિજનોને શ્રી ઘો.લો.મહાજનની પ્રવૃતિઓથી વાકેફ કરવા. જેથી તેઓ ઘોઘારી મહાજન દ્વારા થતી પ્રવૃત્તિઓનો લાભ લઈ શકે. તેમજ જ્ઞાતિજનો એકબીજાની નજીક આવે, લોહાણા સમાજ સંગઠિત થાય. આ શુભહેતુથી 'શ્રી ઘોઘારી લોહાણા સંદેશ' શ્રી ઘોઘારી લોહાણા મહાજનનું પ્રથમ મુખપત્ર પ્રકાશિત થઈ રહ્યું છે. જે ખૂબ આનંદદાયક છે.



શ્રી દિપકભાઈ વસાણી
(ટ્રસ્ટી)

શ્રી ઘોઘારી લોહાણા મહાજનની નવી કારોબારીના સંનિષ્ઠ પ્રમુખ શ્રી સતીષભાઈ ધીરજલાલ વીઠલાણીના નેતૃત્વમાં મહાજનના પ્રથમ મુખપત્ર ''શ્રી ઘોઘારી લોહાણા સંદેશ'' પ્રગતીના સોપાના સર કરે અને સમાજલક્ષી કાર્યોમાં ઉત્કૃષ્ટ સમાચારો હંમેશા પ્રગટ કરતું રહે, તેવી હાર્દિક શુભેચ્છા.

## મુખપત્ર ''ઘોઘારી લોહાણા'' - સંદેશ ના સહયોગીઓ

**શ્રી સતીષભાઈ વિઠલાણી**

**શ્રી કનુભાઈ મગદાણી** — **શ્રી જનકભાઈ ઠક્કર**

**શ્રી અજીતભાઈ ઠક્કર** — **વજાણી ફાઉન્ડેશન**

# શ્રી ઘોઘારી લોહાણા મહાજનનો સંક્ષિપ્ત ઈતિહાસ

## ઈતિહાસમાં સૌ પ્રથમ મહાજન

આજના મુંબઈના વિકાસનો ઈતિહાસ તો સોળમી સદીની છેલ્લી પચીસીથી શરૂ થાય છે. પરંતુ એ પહેલાનું મુંબઈ હેપ્ટેનેશિયા નામે ઓળખાતા સાત ટાપુઓમાં વહેચાયેલું હતું તેમાં છુટી-છવાઈ થોડાક લોકોની વસતિ હતી.

અઢારમી સદીના પ્રારંભમાં કચ્છમાંથી રણમલ લાખા અને એમના પગલે પગલે અન્ય કચ્છી જ્ઞાતિ બંધુઓ ઉપરાંત ઘોઘા વિસ્તારના ભાવનગર તેમજ સૌરાષ્ટ્રના અન્ય શહેરોમાંથી કેટલાક જ્ઞાતિબંધુઓ મુંબઈમાં આવી વસ્યા હતા. એમાં શેઠ ઝીણા બોઘાનું કુટુંબ, શેઠ રતનશી કરમશીના વડીલો મુખ્ય હતા. શેઠ રતનશી કરમશીના પિતામહ શેઠ ગોપાલદાસ ભાવનગરમાં રહેતા તેમના બે પુત્રોમાં મોટા લાલજીભાઈ ને નાના કરમશી શેઠ હતા.

એ સમયમાં ભારે જાહોજલાલી ધરાવતા ઝીણા શેઠનો રૂનો વેપાર હતો ને ભાવનગર ઉપરાંત ધોલેરા તેમજ અન્ય સ્થળોએ તેમની પેઢીઓ હતી. તેમણે મુંબઈનો બંદરી વિકાસ થતા મુંબઈમાં પણ પોતાની પેઢી સ્થાપી હતી. આમ ઈ.સ. ૧૮૨૩ થી મુંબઈમાં આપણી જ્ઞાતિનો વસવાટ શરૂ થતાં ૧૮૪૨-૪૩માં આપણા શ્રી ઘોઘારી લોહાણા મહાજનની સ્થાપના થઈ. એ વખતે મુંબઈમાં જ્ઞાતિના માંડ ૪૦ જેટલા ઘર હતા. મહાજનના શેઠ તરીકે શ્રી શેઠ હીરજી જીણા બોઘા હતા.

તેમણે મુંબઈમાં વસવાટ અને વસતિ વધતાં ૧૮૫૧માં હાલની ઝીણા બોઘાની વાડીના નામે ઓળખાતી જગ્યા લઈ તે પર બાંધકામ કર્યું, એ પછી ૧૮૫૪ના માર્ચની ૧૩મીએ પહેલ વહેલુ આપણા મહાજનનું ટ્રસ્ટ થયું એ વખતે આપણી વસતી વધીને સવાસો ઘરની થઈ હતી.

આજથી લગભગ દોઢસો વર્ષ પહેલા જ્યારે સાત ટાપુઓમાં વહેચાયેલા મુંબઈનો વિકાસ શરૂ થયો અને ગુજરાતમાંથી વસતિનો જે પ્રવાહ મુંબઈ તરફ વળ્યો તેમાં ભાવનગર, બાબરા, ધોલેરા તેમજ અમરેલી તરફના ઘોઘારી લોહાણાઓ મુંબઈમાં આવીને વસવા લાગ્યા.

૧૮૫૬ના છપ્પનિયા દુકાળ પછી લોકોનો મુંબઈ તરફ આવવાનો પ્રવાહ ખૂબ વધવા લાગ્યો. બહારગામથી આવનાર દરેક જ્ઞાતિબંધુ માટે શેઠ રામજી ખીમજી અને શેઠ હિરજી જીણા બોઘાના ધનના ભંડાર અને સાધનો ખુલ્લા રહેતા. તેઓ મુંબઈમાં જીણા બોઘાની વાડીમાંજ ઉતરતા એ સમયે મહાજનનો વહીવટ 'શેઠ'ના હાથમાં રહેતો એ વહીવટ શેઠ શ્રી ખીમજી ભગવાનદાસ, શેઠ શ્રી ગાગા નથુ, શેઠ શ્રી વીરજી નથુ, શેઠ શ્રી દુર્લભજી મોરારજી, શેઠ શ્રી લવજી વસાણી, શ્રી ગીરધરભાઈ દાવડા. શ્રી જેકરણ હરખજી મજીઠીયા અને શેઠ શ્રી ત્રિભોવનદાસ ભુલાભાઈ વગેરેએ સંભાળ્યો આમ ૧૯૨૧ સુધી મહાજનશ્રીનો વહીવટ શેઠના નામે ચાલ્યો.

ત્યારબાદ સમય બદલાતા મહાજનમાં પણ પરિવર્તન આવ્યું અને મહાજનના આગેવાનોને શેઠના બદલે પ્રમુખ તરીકે સંબોધવાનો રિવાજ અસ્તિત્વમાં આવ્યો. આ નવી સમિતિના પ્રમુખ તરીકે શ્રી જગજીવનદાસ છગનલાલ દાવડાને નીમવામાં આવ્યા. આ વખતે પ્રમુખને જ્ઞાતિની પાઘડી પહેરાવવામાં આવતી. થોડા સમય બાદ આ નવી સમિતિમાં મતભેદ સર્જાતા મહાજનશ્રીનો વહીવટ ખોરંભે પડયો. પરંતુ જ્ઞાતિના નવલોહિયા યુવાનોના મક્કમતાથી આગળ વધવાના નિર્ણય સાથેના પ્રયત્નોથી ૧૯૪૩માં ફરી નવેસરથી શ્રી ઘોઘારી લોહાણા મહાજન - સમસ્ત નામે નવું બંધારણ ઘડી મહાજનશ્રીની પ્રવૃત્તિઓ ચાલુ કરવામાં આવી. આ નવી સમિતિના પ્રમુખપદે તે સમયના યુવાન અગ્રણી શ્રી નાગજી દુર્લભજી વસાણીની તથા ઉપપ્રમુખ પદે શ્રી શામજી ગોકળદાસ ગઢીયાની વરણી કરવામાં આવી. ત્યારબાદ ૧૯૪૭ની નવી ચુંટાયેલી કારોબારી સમિતિના ખંત અને ઉત્સાહ થકી તથા તેમની દીર્ઘ દૃષ્ટિભરી કાર્યવાહીના પરિણામે મુંબઈ મહાજનવાડીના જીર્ણોધ્ધાર સાથે અંધેરીમાં નવી મહાજનવાડીના મકાનનો પાયો નંખાયો તથા શ્રી ઘોઘારી લોહાણા મહાજનનું નામ અન્ય આગેવાન મહાજનોની હરોળમાં આવવા પામ્યું. સન ૧૯૭૧ સુધી સમાજને શ્રી નાગજીભાઈ વસાણીની પ્રમુખ તરીકેની સુદીર્ઘ, સંનિષ્ઠ સેવાઓનો લાભ મળ્યો તથા ત્યાર બાદ યુવાન નેતૃત્વને તક આપવાના હેતુથી ૧૯૭૧માં યુવાન અગ્રણી શ્રી મગનલાલ જીવરાજ મગદાણીની પ્રમુખ તરીકે તથા શ્રી વૃજલાલ વલ્લભદાસ વસાણીની ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી.

૧૯૭૧ પછીની નવી કારોબારી સમિતિએ ખૂબ જ ખંતથી મહાજનશ્રીની પ્રવૃત્તિઓને આગળ વધારી તથા મહાજનશ્રીના મુખ્ય ઉદેશ્યો જરૂરિયાતવાળા પરિવારને આર્થિક સહાયની સાથે સાથે તબિબી સહાય પણ આપવામાં આવતી. આ સમિતિએ ૧૯૭૩માં પ્રથમ વસ્તિ પત્રક ગ્રંથ બહાર પાડ્યું જેમાં ૧૨૦૦ પરિવારોની નોંધણી કરવામાં આવી હતી તથા ૧૯૬૦ના બંધારણમાં જરૂરી ફેરફાર સાથે ૧૯૭૫માં નવું બંધારણ પ્રગટ કરવામાં આવ્યું સાથે સાથે અંધેરીની મહાજનવાડીનું બાંધકામ પણ કરવામાં આવ્યું.

૧૯૮૩થી શ્રી વૃજલાલભાઈ વસાણી પ્રમુખ તરીકે આવ્યા. તેમણે પણ સમાજને સંગઠિત કરવાનું કામ કર્યું. અંધેરી મહાજનવાડીનું બાંધકામ પૂર્ણ થતા મહાજનશ્રીના કાર્યાલયને મુંબઈથી અંધેરી ફેરવવામાં આવ્યું. મહાજનવાડી લગ્ન પ્રસંગ માટે આપવાની શરૂઆત થતા મહાજનશ્રીની આવકમાં પણ વૃધ્ધિ થવા લાગી તથા ૧૯૮૮માં બીજા વસતિ પત્રકનું વિમોચન કરવામાં આવ્યું.

૧૯૯૦માં શ્રી ધીરજલાલ કાનજી વસાણીની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. તેમના સમયમાં અનેક સામાજીક પ્રવૃત્તિઓનો વિસ્તાર થયો. મહાજનશ્રીના ૩ મુખ્ય ઉદ્દેશ્યો આર્થિક, તબિબિ અને શૈક્ષણિક સહાયની સાથે સાથે ડાયાબીટીસ કેમ્પનું દર ત્રણ મહિને આયોજન તેમજ સમુહલગ્ન ઉપરાંત દિવાળીમાં રાહતદરે મિઠાઈ વિતરણ જેવી અનેક પ્રવૃત્તિઓની શરૂઆત થઈ તથા ૧ મે ૧૯૯૯માં ત્રીજા વસ્તીપત્રકનું વિમોચન કરવામાં આવ્યું. જેમાં ઘોઘારીના ૧૬૦૦ થી વધુ જેટલા પરિવારની નોંધણી કરવામાં આવી.

ત્યારબાદ સન ૨૦૦૦માં શ્રી દ્વિરેકભાઈ રાજની પ્રમુખપદે વરણી કરવામાં આવી અને શ્રી મગનભાઈ સવાણીની અધ્યક્ષતામાં મહાજનશ્રીઓની પ્રવૃત્તિઓ અને કાર્ય કર્યું.

૨૦૧૩માં જૂની કમીટીઓમાંથી રાજીનામા આવતા ૭ જુલાઈ ૨૦૧૩ ના રોજ સર્વે સંમતીથી કનૈયાલાલ મગદાણીને પ્રમુખપદે અને શ્રી કૃણાલ વજાણીને ચેરમેન પદે નિમ્યા. ત્યારબાદ જ્ઞાતીના કાર્યોએ વેગ પકડ્યો બાદમાં મે ૨૦૧૫માં પ્રમુખશ્રી કનુભાઈ મગદાણીની નાદુરસ્ત તબીયતને લીધે રાજીનામું આવતા શ્રી સતીષભાઈ વિઠલાણી પ્રમુખ પદે નિમાયા.

**સ્વ. હરીલાલભાઈ ડ્રેસવાલાએ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તરીકે ઉત્તમ કામગીરી બજાવી હતી. તથા રઘુવંશી સહકારી બેંકના સ્થાપક તથા ચેરમેન તરીકે પણ કામગીરી બજાવી હતી. અને આપણા મહાજનના તેઓ ભૂ.પૂ. ચેરમેન પણ હતાં. તેમની સેવાને સમાજે બીરદાવી.**

## શ્રી ઘોઘારી લોહાણા મહાજન - મુંબઈના ભૂતપૂર્વ પ્રમુખો

| | |
|---|---|
| સ્વ. શ્રી નાગજી દુર્લભજી વસાણી | ૧૯૪૭ થી ૧૯૭૧ |
| સ્વ. શ્રી મગનલાલ જીવરાજ મગદાણી | ૧૯૭૧ થી ૧૯૮૩ |
| સ્વ. શ્રી વૃજલાલ વલ્લભદાસ વસાણી | ૧૯૮૩ થી ૧૯૯૦ |
| સ્વ. શ્રી ધીરજલાલ કાનજી વસાણી | ૧૯૯૦ થી ૨૦૦૧ |
| શ્રી દ્વિરેકભાઈ કલ્યાણજી રાજ | ૨૦૦૧ થી ૨૦૧૩ |
| શ્રી કનૈયાલાલ અમૃતલાલ મગદાણી | ૨૦૧૩ થી ૨૦૧૫ |
| શ્રી સતીષભાઈ ધીરજલાલ વિઠલાણી | ૨૦૧૫ થી વર્તમાન પ્રમુખ |

## શ્રી ઘોઘારી લોહાણા મહાજન - મુંબઈના પદાધીકારીઓ


| | | |
|---|---|---|
| શ્રી સતીષભાઈ વિઠલાણી | - | પ્રમુખ |
| શ્રી અષ્ટકાંત સૂચક | - | ઉપપ્રમુખ |
| કુ. ધર્મીબેન મગદાણી | - | ઉપપ્રમુખ |
| શ્રી પ્રકાશભાઈ મગદાણી | - | માનદ્‌મંત્રી |
| શ્રી જતીનભાઈ પોપટ | - | માનદ્‌મંત્રી |
| શ્રી રાહુલભાઈ મસરાણી | - | માનદ્‌મંત્રી |
| શ્રી અજીતભાઈ વજાણી | - | ખજાનચી |
| શ્રી અજયભાઈ પોપટ | - | ખજાનચી |


## શ્રી ઘોઘારી લોહાણા મહાજન - મુંબઈ - ટ્રસ્ટ બોર્ડ


| | | |
|---|---|---|
| શ્રી કૃણાલભાઈ વજાણી | - | ચેરમેન |
| શ્રી અજીતભાઈ ઠક્કર | - | મે.ટ્રસ્ટી |
| શ્રી કનૈયાલાલ મગદાણી | - | ટ્રસ્ટી |
| શ્રી જનકભાઈ ઠક્કર | - | ટ્રસ્ટી |
| શ્રી દીપકભાઈ વસાણી | - | ટ્રસ્ટી |
| શ્રી ડૉ. સૂર્યાબેન રૂપારેલીયા | - | ટ્રસ્ટી |
| શ્રીમતી રશ્મીબેન વિઠલાણી | - | ટ્રસ્ટી |


## શ્રી ઘોઘારી લોહાણા મહાજન - મુંબઈ - ચેરીટેબલ ટ્રસ્ટ


| | |
|---|---|
| શ્રી કનુભાઈ મગદાણી | મેનેજીંગ ટ્રસ્ટી |
| શ્રી બંસીભાઈ વાઘાણી | ટ્રસ્ટી |
| શ્રી મહેશભાઈ રાજા | ટ્રસ્ટી |
| શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા | ટ્રસ્ટી |
| શ્રી હંસલભાઈ ઠક્કર | ટ્રસ્ટી |
| શ્રી અજીતભાઈ વજાણી | ટ્રસ્ટી |
| શ્રી અજયભાઈ પોપટ | ટ્રસ્ટી |


**આવનાર અંકોમાં આપને આપનું સૂચન/ લેખ વગેરે મોકલવા હાર્દિક આમંત્રણ છે.**

**શુભેચ્છા - જાહેરાત પણ આવકાર્ય**

# શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈના કારોબારી સભ્યોની નામાવલી

| | | |
|---|---|---|
| ૧. | અશોક મગનલાલ ખખ્ખર | ashokkhakhar999@yahoo.com |
| ૨. | અનીલાબેન મહેન્દ્રભાઈ વસાણી | smvasani@gmail.com |
| ૩. | અજય સી. પોપટ | ajaypopat@sukan.co.in |
| ૪. | અષ્ટકાંત હરિલાલ સુચક | athubhaithakkar@gmail.com |
| ૫. | અજીત લક્ષ્મીદાસ ઠક્કર | athakker@evergreenindia.com |
| ૬. | અજીત કાકુભાઈ વજાણી | ajit vajani@yahoo.com |
| ૭. | બંસીલાલ આઈ. વાઘાણી | biv@hamiltonindia.in |
| ૮. | ચેતન ચંદ્રકાંત માવાણી | jaijaliyan@rediffmail.com |
| ૯. | ધર્મી કનૈયાલાલ મગદાણી | dmagdani@gmail.com |
| ૧૦. | દેવેન્દ્ર સોમૈયા | dsomaiya65@gmail.com |
| ૧૧. | દિપક વી. વસાણી | kartikvasani@gmail.com |
| ૧૨. | હંસલ જનક ઠક્કર | hthacker@lalkarsecurities.com |
| ૧૩. | જયેશ ગુણવંતરાય કારીયા | jayesh@kpmg.com |
| ૧૪. | જતીન વિઠલદાસ પોપટ | hetalchem@rediff.comkpmg.com |
| ૧૫. | જ્યોતિબેન કિર્તી ઠક્કર | jyotikirti33@gmail.com |
| ૧૬. | જનક ચીમનલાલ ઠક્કર | sjthacker@lalkarsecurities.com |
| ૧૭. | કપીલ જનક ઠક્કર | kthacker@lalkar.in |
| ૧૮. | કિરણભાઈ એન. રાયચુરા | icnrevivainfomedia.com |
| ૧૯. | કનૈયાલાલ એ. મગદાણી | kamagdani@gmail.com |
| ૨૦. | કુણાલ વજાણી | kunal@vajanis.com |
| ૨૧. | લક્ષ્મીકાંત જે. ઠક્કર | bharatindco@yahoo.co.in |
| ૨૨. | મહેન્દ્ર કાકુભાઈ વજાણી | ------- |
| ૨૩. | મનોજ આર. ગઢીયા | manoragh@rediffmail.com |
| ૨૪. | મહેશભાઈ આર. રાજા | mrr@stcpl.com |
| ૨૫. | નીખીલ રતીલાલ આચા | osaka1971@gmail.com |
| ૨૬. | નીમેષ જયંતીલાલ સાયાણી | nimesh@crystalcomb.com |
| ૨૭. | નીતીન એન. ઠક્કર | ------- |
| ૨૮. | પંકજ એ. મગદાણી | pankajmagdani@gmail.com |
| ૨૯. | પ્રકાશ નરભેરામ મગદાણી | prakash.magdani@noblehouse.co.in |
| ૩૦. | પ્રીતી એસ. સોઢા | preitysodha@hotmail.com |
| ૩૧. | રાકેશ વામનરાય માવાણી | rakeshmavani67@gmail.com |
| ૩૨. | રમેશ વી. ઠક્કર (પાંધી) | kartikthakkar9663@gmail.com |
| ૩૩. | રાજેન્દ્ર એમ. રાયચુરા | bimaa4u@gmail.com |
| ૩૪. | રાહુલ એચ. મસરાણી | rahulmasrani@hotmail.com |
| ૩૫. | રાજેશ વી. વસાણી | rajeshvasani@gmail.com |
| ૩૬. | શ્રીમતી રશ્મી સતીષ વિઠલાણી | raswhmivithalani@hotmail.com |
| ૩૭. | ડૉ. સૂર્યા જે રૂપારેલીયા | ruparelia53@gmail.com |
| ૩૮. | સતીષભાઈ ડી. વિઠલાણી | satishvithalani@gmail.com |
| ૩૯. | વિનોદ નાનાલાલ ગઢીયા | ------- |

## ઘોઘા વિસ્તારના જરૂરીયાતમંદ લોહાણા પરિવારો માટે 'મિઠા જળની વિરડી'

### મેઘાવી કાયમી ભંડોળ ધરાવતું 'ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ'ના જન્મદાતા

# શેઠ શ્રી ખીમજી ભગવાનદાસ ખંધેડીયા (ધાબળીવાળા)

### જરૂરીયાત મંદોના મસીહા



સાલ ૧૮૦૦ પછીના શરૂઆતના વર્ષોમાં ભાવનગર મુકામે ભગવાનદાસભાઈ ખંધેડીયાના પરિવારમાં 'ખીમજીબાપા'નો જન્મ થયો. કુટુંબની આર્થિક પરિસ્થિતિ સામાન્ય હોવાથી શિક્ષણમાં આગળ વધી ન શક્યા.

રોજીરોટી કમાવા જન્મભુમી ભાવનગર છોડી મુંબઈ આવ્યા. મિત્રો-સબંધીઓના માર્ગદર્શન હેઠળ ધાબળી (ગરમ ઓઢવાના) વેચવાનો વેપાર શરૂ કર્યો. નસીબે ખોબલે ખોબલે યારી આપી. તે જમાનામાં ખૂબ ધન કમાયા. લક્ષ્મીજીની અપાર કૃપા તેમના પર હતી. મુંબઈના માણેકબેન સાથે તેમના વિવાહ થયા. સચ્ચાઈ અને જાત મહેનતથી કમાયેલી લક્ષ્મીનો સદ્ઉપયોગ થાય તેને લક્ષમાં રાખી અને જ્ઞાતિ પ્રત્યેની તેમની અદ્મ્ય લાગણી તેમજ જ્ઞાતિનું ઋણ ચુકવવાની ભાવના થકી તે જમાનામાં એટલે કે સાલ ૧૮૮૫માં ખીમજી બાપાએ રૂપીયા એક લાખનું દાન કરી, આ રકમ જ્ઞાતિ ઉત્કર્ષ અભ્યુદય માટે તે દાનના રખેવાળો નીમીને સોંપી.

તે વેળાના રખેવાળોએ આ જંગી રકમમાંથી મુંબઈના 'હેન્સ રોડ' જે હાલ તુલશી પાઈપ રોડ તરીકે વરલી વિસ્તારમાં પ્રખ્યાત છે ત્યાં વિશાળ જમીન સંપાદન કરી. ઉપરાંત નાશીક શહેરની ગોદાવરી નદીના કાંઠે લગભગ ૭૦૦ સ્કે. વાર જમીન ખરીદી અને જ્ઞાતીજનોના ધાર્મિક વિધિઓ માટે, સાથે દેવ દર્શન આવવા ઈચ્છતા પરિવારોને રહેણાંકની સુવિધા માટે ધર્મશાળા બંધાવી. વ્યવસ્થીત સંચાલન અને સુચારૂ વહીવટ માટે, તે વેળાના તેમના દાન થકી ખરીદેલી મિલ્કતોના રખેવાળોએ 'ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ'નું નિર્માણ કર્યું.



પ્રાપ્ત ઈતિહાસ મુજબ મુંબઈની વિશાળ જમીન સાલ ૧૮૮૯માં લાંબા ગાળાના લીઝ ઉપર અપાયેલ હતી. જે સાલ ૧૯૮૮માં તે સબળ લીઝનો સમય પુરો થતા તે મિલ્કતને હસ્ગત કરવા, કાયદા અને ન્યાયાલયનો સહારો લેવો પડયો છે. જે આજે પણ તેના કેસો ન્યાયાલયમાં આખરી નિર્ણય માટે પડયા છે.

તેમ છતાં સમયોચિત ભાડા વધારાની ટ્રસ્ટીઓની માંગણીને ન્યાયાલયે સિધ્ધાંતીક રીતે સ્વીકારીને ભાડું વધારી અપાવેલ છે. આમ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની મહેનત ફળી છે. જેના મીઠા ફળે મીલ્કતના ભાડાની આવકનો સ્તોત્ર સારો એવો વધ્યો છે.

શેઠ ખીમજી બાપાની જ્ઞાતી પ્રત્યેની અદમ્ય લાગણીએ તેમણે સાલ ૧૮૮૫માં આપેલી સખાવત થકી ઉદભવેલ ટ્રસ્ટ પાસે હાલ સેંકડો કરોડોમાં મિલ્કત અને કોર્પસ ફંડ ઉભુ થયેલ છે.

આપણા તરફથી આપણા ઘોઘારી પંથક અમરેલી ભાવનગર જીલ્લાના જરૂરીયાત મંદ પરિવારોને શૈક્ષણિક તથા મેડીકલ સહાય પણ કરવામાં આવે છે.

પ્રવર્તમાન ટ્રસ્ટીઓ શ્રી કનુભાઈ મગદાણી, શ્રી સતીષભાઈ વીઠલાણી, શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી અજીતભાઈ ઠક્કરે ખુબ જ ખંત અને વ્યક્તીગત દેખરેખની અંદર નાસીક ખાતે આવેલ સેનેટોરીયમ જે જર્જરીત થઈ ગયેલ હતી તેને નવો ઓપ આપી અદ્યતન સુવિધા સાથેની ચાર મજલાની એર કન્ડીશન રૂમો તેમજ બેન્કવટ હૉલ, જે ''શ્રી ખીમજી ભગવાન ટ્રસ્ટ આરોગ્ય ભૂવન'' કોઈ મોટી સ્ટાર હૉટલ કરતા પણ અદ્યતન બનાવવામાં સફળ રહ્યાં છે. તેમાં ઉત્તમ ભોજનની પણ વ્યવસ્થા છે.

ખીમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટની વેબ સાઈટ www.khimjibhagwandascharitytrust.org ના નામે કાર્યવંત છે.

આ ટ્રસ્ટ થકી આપણા સમાજના સેંકડો જરૂરીયાતમંદ પરિવારોને આર્થિક, વૈદકીય, શૈક્ષણિક સહાયતા જરૂરીયાતમંદોને માન સન્માન સાથે ભાતૃસહાયની દ્રષ્ટી ધ્યાનમાં રાખી અપાઈ રહેલ છે.

શેઠ શ્રી ખીમજી ભગવાનદાસની ઉતમોત્તમ લાગણી થકી રોપાયેલા ટ્રસ્ટના બીજના મીઠા ફળો થકી સેંકડો વર્ષો સુધી આપણા સમાજના જરૂરીયાતમંદોની અધીકાંશ તકલીફો, વ્યાધીઓ વેળા સંકટ સમયની સાંકળ બની રહેશે તે નિ:શંક છે.

સમસ્ત ઘોઘારી લોહાણા પરિવારો આ મહાન વિભુતિની જ્ઞાતી પ્રત્યેની શુભ લાગણીને નત મસ્કતે બિરદાવે તે ગૌરવ છે.

(નોંધ: ખીમજી બાપા વિશેની માહિતીઓ - બીનાઓ અલગ અલગ વડીલો તરફથી પ્રાપ્ત થયેલ છે.) - તંત્રીશ્રી

## પૂર અસરગ્રસ્તને (તાત્કાલીક) વહેલી તકે મદદ પહોંચાડવામાં અગ્રેસર ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ

અમરેલીની આજુબાજુમાં થયેલ નુકશાનને અનુલક્ષીને અમરેલી મહાજન દ્વારા શ્રી એ. ડી. રૂપારેલ અને સતીષભાઈ કાપડીયાની ટીમની જહેમત હેઠળ કુકાવાવ, બગસરા, ખારી, માંડવડા જેવા ગામોમાં ૨૬ પરિવારોને ૫,૧૨,૦૦૦/ ની રકમના ચેક આપવામાં આવ્યા હતા. આ કાર્ય શ્રી સતિષભાઈ વિઠલાણીની આગેવાનીમાં બધાજ ટ્રસ્ટીઓએ ૪૮ કલાકની અંદર અમરેલી મહાજન હસ્તક દરેક કુટુંબોને પહોંચતા કરેલ. જે ખૂબજ બીરદાવવા લાયક કાર્ય થયેલ છે. અને ખીમજી બાપાના આત્માને આનંદ પહોંચે તેવું કાર્ય છે.

## ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ


શ્રી કનુભાઈ મગદાણી (ચેરમેન)


શ્રી સતીષભાઈ વિઠલાણી (મે.ટ્રસ્ટી)


શ્રી જનકભાઈ ઠક્કર (ટ્રસ્ટી)


શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા (ટ્રસ્ટી)


શ્રી અજીતભાઈ ઠક્કર (ટ્રસ્ટી)

## શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈ દ્વારા યાત્રા પ્રવાસનું આયોજન



શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના સહયોગથી મહાજનશ્રીના રજી. સભ્યો માટે રાહત દરે અધિકમાસ નિમિત્તે નાસિક-ત્ર્યંબકેશ્વર યાત્રા પ્રવાસનું આયોજન તા. ૪ જુલાઈ ૨૦૧૫ થી ૧૪ જુલાઈ ૨૦૧૫ સુધી ૨ દિવસ માટે એકંદરે કુલ ૪ બસની અંદર ૧૬૫ સભ્યોએ ભાગ લીધેલ. જેમાં રૂા. ૩૦૦/- લેખે ટોકન લેવામાં આવેલ. આર્થિક સહાય લેતા સભ્યો પાસેથી એક પણ પૈસો લેવામાં આવેલ નહી. શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી મનોજભાઈ ગઢિયા, શ્રીમતી રશ્મીબેન વિઠલાણી અને શ્રી અષ્ટકાંત સુચક આ યાત્રા પ્રવાસના આયોજનને સફળ રીતે પાર પાડેલ છે. ઉપરાંત શ્રી મનોજભાઈ ગઢિયાએ જમાંથી ૩ બસના સભ્યોમાંથી સીનીયર સીટીઝનોને વગર લાઈને (ત્ર્યંકેશ્વરમાં) ભોળાનાથદાદા ના દર્શન કરાવેલ.

# શ્રી ઘોઘારી લોહાણા મહાજનની વિવિધ સમિતીઓ

## આર્થિક સહાય સમિતી

હેડ ઓફ સમિતી - શ્રી મનોજભાઈ ગઢીયા

ટ્રસ્ટી મેમ્બર - શ્રી કનૈયાલાલ મગદાણી
શ્રીમતી રશ્મીબેન વિઠલાણી

સભ્યો - શ્રી મહેન્દ્રભાઈ વજાણી, શ્રી પંકજભાઈ મગદાણી
શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા, શ્રી રાકેશભાઈ માવાણી
શ્રીમતી અનીલાબેન વસાણી

## તબિબી સહાય સમિતી

હેડ ઓફ સમિતી - શ્રી પ્રકાશભાઈ મગદાણી

ટ્રસ્ટી મેમ્બર - શ્રી કનૈયાલાલ મગદાણી
ડૉ. સુર્યાબેન રૂપારેલીયા

સભ્યો - શ્રી લક્ષ્મીકાંતભાઈ ઠક્કર, શ્રી અશોકભાઈ ખખ્ખર
શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા
શ્રીમતી અનીલાબેન વસાણી, ડૉ. ઉશ્મા મશરૂ

## ઈવેન્ટ મેનેજમેન્ટ કમીટી

હેડ ઓફ સમિતી - શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા

ટ્રસ્ટી મેમ્બર - શ્રી કનૈયાલાલ મગદાણી
શ્રી જનકભાઈ ઠક્કર
શ્રીમતી રશ્મીબેન વિઠલાણી

સભ્યો - શ્રી અષ્ટકાંતભાઈ સુચક, શ્રી મહેશભાઈ રાજા
શ્રી નિખીલભાઈ આયા, શ્રી કિરણભાઈ રાયચુરા
શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા, શ્રી રમેશભાઈ ઠક્કર
શ્રીમતી પ્રિતીબેન સોઢા

## શિક્ષણ સહાય સમિતી

હેડ ઓફ સમિતી - શ્રી રાહુલભાઈ મસરાણી

ટ્રસ્ટી મેમ્બર - શ્રી કૃણાલભાઈ વજાણી
અજીતભાઈ ઠક્કર

સભ્યો - શ્રી અજીતભાઈ વજાણી, શ્રી કપીલભાઈ ઠક્કર

## વિદ્યાર્થી સમિતી

હેડ ઓફ સમિતી - શ્રી હંસલભાઈ ઠક્કર

ટ્રસ્ટી મેમ્બર - શ્રી કૃણાલભાઈ વજાણી

સભ્યો - શ્રી ધર્મીબેન મગદાણી, શ્રી રાહુલભાઈ મસરાણી

## પ્લાનીંગ અને એડમીનીટ્રેશન સમિતી

હેડ ઓફ સમિતી - શ્રી સતિષભાઈ વિઠલાણી

ટ્રસ્ટી મેમ્બર - શ્રી કુણાલભાઈ વજાણી

સભ્યો - શ્રી જતીનભાઈ પોપટ (એડમીનીટ્રેશન)
શ્રી ધર્મીબેન મગદાણી (પ્લાનીંગ)
શ્રી કપીલભાઈ ઠક્કર (પ્લાનીંગ)
હંસલભાઈ ઠક્કર (પ્લાનીંગ)

## મીડીયા અને કમ્યુનીકેશન કમીટી

હેડ ઓફ સમિતી - શ્રી અષ્ટકાંતભાઈ સુચક

ટ્રસ્ટી મેમ્બર - શ્રી કૃણાલભાઈ વજાણી
શ્રીમતી રશ્મીબેન વિઠલાણી
શ્રી દિપકભાઈ વસાણી

સભ્યો - શ્રી ધર્મીબેન મગદાણી, શ્રી હંસલભાઈ ઠક્કર
શ્રી રાજેશભાઈ વસાણી, શ્રી કિરણભાઈ રાયચુરા

## લીગલ સમિતી

હેડ ઓફ સમિતી - શ્રી સતીષભાઈ વિઠલાણી

ટ્રસ્ટી મેમ્બર - શ્રી કૃણાલભાઈ વજાણી
શ્રી અજીતભાઈ ઠક્કર
શ્રી જનકભાઈ ઠક્કર
શ્રી કનૈયાલાલ મગદાણી

સભ્યો - શ્રી કૃણાલભાઈ વજાણી, શ્રી અજયભાઈ પોપટ,
શ્રી નીમેષ સાયાણી, શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા

## વાડી સમિતી

હેડ ઓફ સમિતી - શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા

ટ્રસ્ટી મેમ્બર - શ્રી કનુભાઈ મગદાણી

સભ્યો - શ્રી અષ્ટકાંતભાઈ સુચક, શ્રી વિનુભાઈ ગઢિયા
શ્રી ચેતનભાઈ માવાણી, શ્રી કિરણભાઈ રાયચુરા

## એકાઉન્ટ સમિતી

હેડ ઓફ સમિતી - શ્રી અજીતભાઈ વજાણી

ટ્રસ્ટી મેમ્બર - શ્રી અજીતભાઈ ઠક્કર

સભ્યો - શ્રી અજયભાઈ પોપટ, શ્રી જયેશભાઈ કારીયા

## આર્થિક સહાય સમિતી

શ્રી ઘોઘારી લોહાણા મહાજન તરફથી છેલ્લા ઘણા લાંબા સમયથી જરૂરતમંદ પરિવારોને ઘર ચલાવવા માટે રોકડ (ચેક દ્વારા) સહાય આપવામાં આવે છે. પરંતુ તે રકમ આજના સમય પ્રમાણે ઘણી ઓછી હતી. તેથી જૂન ૨૦૧૪ અને જુલાઈ ૨૦૧૪માં મેનેજીંગ કમિટી તરફથી બહુ જ સરસ મજાનો નિર્ણય લેવામાં આવ્યો કે જે કુટુંબ તરફથી આર્થિક સહાયનું ફોર્મ ભરાયુ હોય તેમને મળવા જવુ અને તેમની સાથે વાત કરી પૂર્ણ પરિસ્થિતીની સમિક્ષા કરી અને ઘટતું કરવું. માટે ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં લગભગ ૭૨ જેટલાના ઘરે ગયા અને ઓક્ટોબર અને નવેમ્બરમાં ઘટતું કર્યું.

જેમાં અમોએ ૭૬ વિઝીટ આર્થિક સહાયની કરી તેમાં એક બહેન થોડા દિવસ પહેલા ગુજરી ગયા હતા અને ૩ ઘરે પહેલી વિઝીટ માં મુલાકાત ન થતા બીજી વાર ગયા હતા. ૭૬ વીઝીટમાંથી અમને શ્રી અષ્ટકાંતભાઈએ અંદાજે ૮ વિઝીટ માં મદદ કરી હતી, ૬૬ વિઝિટમાં શ્રી મહેન્દ્રભાઈ વજાણી તથા શ્રી પંકજભાઈ મગદાણીએ પુરો સાથ આપ્યો હતો.

**વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં નિચે મુજબ આર્થિક સહાય આપવામાં આવી હતી**

| | | |
|---|---|---|
| એપ્રિલ ૧૪ થી જૂન ૧૪ | ૧,૩૯,૨૦૦ | સભ્યો ૬૫ |
| જુલાઈ ૧૪ થી સપ્ટેમ્બર ૧૪ | ૨,૬૯,૭૦૦ | સભ્યો ૭૧ |
| ઓક્ટોબર ૧૪ થી ડીસેમ્બર ૧૪ | ૫,૩૬,૭૦૦ | સભ્યો ૭૨ |
| જાન્યુઆરી ૨૦૧૫ થી માર્ચ ૨૦૧૫ | ૫,૩૩,૧૦૦ | સભ્યો ૭૨ |

આ ઉપરાંત ૭૨ સભ્યોને દિવાળીમાં રૂા. ૯૩૫૧૦નું અનાજ કરીયાણું આપવામાં આવ્યું હતું. રોકડ સહાય તથા અનાજ કરીયાણુ મળીને રૂા. ૧૫,૭૨,૨૧૦નો ખર્ચ વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં આવ્યો હતો. જાન્યુઆરી ૧૫ થી માર્ચ ૧૫ના ત્રણ માસમાં રૂા. ૫,૩૩,૧૦૦ પ્રમાણે નવા વર્ષમાં એપ્રીલ ૨૦૧૫ થી માર્ચ ૨૦૧૬ના ૨,૧૩,૨૪૦૦ થશે તે ઉપરાંત અનાજ કરીયાણાના દિવાળીમાં આપીએ છીએ તેનો ખર્ચ ૯૩,૫૧૦ નો થશે.

તદ્ઉપરાંત આર્થિક સહાય લેનાર પરિવારમાંથી એક યા બે વ્યક્તિને સવારથી સાંજ સુધીની વન ડે પીકનીક લઈ જવા ઈચ્છા રાખીએ છીએ.

વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં જુના સભ્યોમાં ડીસેમ્બર ૧૫ પછી દરેક પરા વિસ્તારમાં ૩ થી ૪ ઘરે ફરીથી વિઝીટ કરવા ઈચ્છા રાખીએ છીએ અને નવી અરજી કરનાર દરેક અરજદારને ત્યાં તરત જ વિઝીટ કરીને નિર્ણય લેશું.

વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં અમે પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણીની ઈચ્છા અનુસાર બીજી ૧૦૦ વિઝીટ કરવાની ધારણા રાખીએ છીએ. (વસ્તીપત્રકના સંદર્ભમાં)

અમારા મન પ્રમાણે ૫૩૩૭૦૦ ભાગ્યા ૩ માસ બરાબર ૧૭૭,૭૦૦ ભાગ્યા ૭૨ સભ્યો બરાબર ૨૪૬૮.૦૫ પ્રતિ માસની આર્થિક સહાય થઈ રહે છે.

- જે વિદ્યાર્થી ૧૦મા ધોરણમાં આવે તેને બોર્ડ પરીક્ષા માટે ક્લાસ કરવા હોય તો તેને મદદ આપવી.

- બારમા ધોરણના વિદ્યાર્થીને પણ જો ક્લાસ કરવા હોય તો તેને પણ મદદ આપવી.

મેનેજીંગ સમિતીએ ૨૦૧૪-૨૦૧૫માં આર્થિક સહાય સમિતીને જે સપોર્ટ આપ્યો હતો તે ઘણોજ સારો સાથ સહકાર હતો વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં અમોને ૨૨ લાખનું બજેટ મળેલ છે.

રીપોર્ટ - શ્રી મનોજભાઈ ગઢીયા

## મેડીકલ સહાય સમિતી

**મેડીકલ સહાય સમિતિ દ્વારા થતા કાર્યો.**

૧) દર વર્ષે મેડીકલ સમિતિ દ્વારા ડાયાબીટીસ, બ્લડપ્રેશર, કેન્સર, ચામડીના રોગો, આંખ, નાક, કાનના રોગો માટે નિ:શુલ્ક દવાઓ, જ્ઞાતિના રજીસ્ટર્ડ સભ્યોને આપવામાં આવે છે. મહાજનની ઓફિસમાં આવેલી અરજી પ્રમાણે ૩૦ થી ૩૫ પરિવારોના સભ્યોને જોઈતી બધી જ દવાઓ આપવામાં આવે છે. ઘોઘારી લોહાણા મહાજન ચેરીટેબલ ટ્રસ્ટે ૨૦૧૪-૨૦૧૫માં રૂા. ૨,૮૭,૮૮૬/-ની કુલ દવાઓ આપી છે. અને આ વખતે રૂા. ૩,૦૦,૦૦૦/- કરી ૧૦ ટકા નો વધારો કરવામાં આવ્યો છે.

૨) હોસ્પિટલ સહાય મેલેરીયા, ડેન્ગ્યુ, ડાયાબીટીસ, હાર્ટ એટેક, કેન્સર જેવી મોટી બીમારી માટે તથા મોતીયાના ઓપરેશન માટે રૂા. ૬,૩૦,૪૭૧/- ની સહાય આપવામાં આવી છે. લગભગ ૩૫ સભ્યોએ તેનો લાભ લીધો છે. અને ૨૦૧૫-૨૦૧૬માં આ બજેટ વધારી રૂા. ૭,૦૦,૦૦૦/- કરી ૧૦ ટકા રકમ વધારવામાં આવી છે.

૩) મેડીકલ કેમ્પ: શ્રી ઘોઘારી લોહાણા મહાજન દર વર્ષની જેમ આ વર્ષે પણ મેડીકલ કેમ્પનું આયોજન ડિસેમ્બર મહિનામાં કરવા ધારે છે જેમાં સંપૂર્ણ શારિરીક ચેકઅપ તથા બધા જ લેબોરેટરીમાં ઈન્વેસ્ટેગેશન પણ નોમીનલ મૂલ્યે કરવા ધાર્યું છે.

રીપોર્ટ - પ્રકાશભાઈ મગદાણી

તબિબિ સહાય નક્કી કરવા તથા આપેલ અરજીની વ્યવસ્થિત ચકાસણી કરવામાં ધર્મીબેન મગદાણીનો હંમેશા સહકાર રહ્યો છે.

## શિક્ષણ સહાય સમિતી

મહાજનશ્રી તરફથી દર વરસે આપણા રજીસ્ટર્ડ સભ્યોના બાળકો સ્કુલ તથા કૉલેજની ફી આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં સ્કુલ સહાય પેટે કુલ ૬૫ અરજી આવી હતી. જેની વ્યવસ્થિત ચકાસણી કરી આર્થિક સહાય મેળવતા સભ્ય પરિવારોને ૧૦૦% ફી લઈ ૭૦% સુધીની સહાય આપવામાં આવી હતી.

તેજ રીતે કૉલેજ ફી માટે પણ ૬૪ અરજી આવી હતી. તેમાંય પણ આર્થિક સહાય મેળવતા પરિવારોને ૧૦૦% થી લઈ ૭૫% સુધીની ફી આપવામાં આવી હતી. તથા કુલ રૂા. ૧૯,૯૯,૮૬૧/- સહાય આપવામાં આવી હતી. તથા વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે રૂા. ૨૨ લાખનું બજેટ નક્કી કરવામાં આવેલ છે.

રીપોર્ટ - રાહુલભાઈ મસરાણી, હેડઓફ શૈક્ષણિ સમિતિ

આવેલ અરજીઓની ચકાસણીથી લઈને ફી નક્કી કરવા સુધીના દરેક કાર્યમાં ધર્મીબેન મગદાણીનું સતત માર્ગદર્શન મળે છે.

# અધિકમાસ નિમિત્તે નાસિક/ત્રંબકેશ્વરની યાત્રાનું આયોજન

## યાત્રા પ્રવાસના લાભાર્થીઓના પ્રતિભાવ

**સંસ્કૃત ભાષામાં કહ્યું છે 'योजक तत्र दूलर्भ'**

સત્કાર્યની ઈચ્છા ઘણાને હોય પણ સામુહીક રીતે બધાની ઈચ્છાને સાંકળી સફળ આયોજન કરવું એ કૌશલ્યપૂર્ણ પ્રયત્ન માંગી લે છે અને આવો પ્રયત્ન જોવા મળ્યો શ્રી ઘોઘારી લોહાણા મહાજન અને શ્રી ખીમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટ દ્વારા આયોજીત નાસિક ત્ર્યંબક યાત્રામાં!

અધિક માસ નિમિત્તે આયોજીત આ યાત્રા એટલે ખરેખર એક અવિસ્મરણીય અનુભવ!

પરિપત્ર મોકલવાથી લઈને યાત્રાળુઓની બધી સગવડો સાચવી તેમને સુખરૂપ યાત્રા કરાવી મોહમયી મુંબઈ નગરીમાં પાછા પહોંચાડવા સુધીની બધી જ વ્યવસ્થા અતિ ઉત્તમ હતી.

શનિવારે સવારે ૬.૩૦ વાગ્યે ટુ બાય ટુ ની પુશબેક બસ જોતાં જ બધાંના ચહેરા આનંદથી ખીલી ઉડયા હતા. પ્રવાસમાં અપાયેલી બીસલેરીની બોટલો જોઈ થયું ઘરેથી પાણીની બોટલો લેવાની જરૂર ન હતી. ત્યાં વળી પીપરમેટ/ચોકલેટો ચા-પાણી અને મોઢા સાથે મનમાં પણ મધુરતા વ્યાપી ગઈ.

નયનરમ્ય પ્રકૃતિમાં સર્વ વ્યાપક સૃષ્ટિકર્તાના દર્શનનો સુમધુર લાભ લેતા લેતા સ્ત્રોત ભજનો ગાતાં ગાતાં બસ પહોંચી પવિત્ર ગોદાવરીને કાંઠે બનેલ શ્રી ખીમજી ભગવાન આરોગ્યધામમાં!!

ત્યાંની સ્વચ્છતા, સુંદરતા, સુઘડતા અને ભવ્યતા ઉડીને આંખે વળગે તેવી હતી. દરેક યાત્રાળુને ચાર-ચારનાં ગ્રુપમાં રહેવાની સગવડ હતી. આલિશાન ફાઈવ સ્ટાર હોટલ જેવી રહેવાની વ્યવસ્થા જોઈ ખરેખર જ બધા અભિભૂત થઈ ગયા હતા. બગલાની પાંખ જેવા સ્વચ્છ ગાદલા, ઓશિકા, ઓઢવાની રજાઈઓ, એ.સી., ટી.વી., સ્વચ્છ વોશરૂમ, પાણીની પૂરતી વ્યવસ્થા અને વિજળી જાય તો જનરેટરની સુવિધા એવી કે અમને ખબર પણ ન પડી કે વિજળી ગઈ છે. વળી જમવાની વ્યવસ્થા પણ અતિ સુંદર! સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજને તો સૌને તૃપ્ત કરી દીધા.

આ યાત્રાનું છોગું એટલે ગૌતમ ઋષિનાં પ્રયત્નથી પ્રગટેલા દ્વાદ્રશ જ્યોતિર્લીંગમાના એક એવા શ્રી ત્ર્યંબકેશ્વર ભગવાનનાં દર્શન કાર્યકર્તા ભાઈ બહેનો દ્વારા વૃધ્ધ યાત્રાળુઓને જરાય અગવડ ન થાય એ રીતે દર્શન કરાવવા ઊઠાવાયેલો પરિશ્રમ ખરેખર વંદનીય હતો.

ત્ર્યંબકથી દર્શન કરી તૃપ્ત થયેલાં યાત્રાળુઓને ભોજન પછી બીજા દિવસની સૂચનાઓ અપાણી. બીજે દિવસે સવારે ગોદાવરી સ્નાન કરી બધા કૃતકૃત્ય થયાં પછી સવારનો ચા-નાસ્તો કરી બધાએ નાસિકના વિવિધ સ્થળો તથા મંદિરોના દર્શન કર્યા.

ફરી બપોરનું જમવાનું લઈ બસની આરામદાયક સફર કરી ધરતીનાં છેડાં એવાં ઘરે પહોચ્યાં.

યાત્રામાં મુંબઈથી નાસિક જતાં તથાં આવતાં રસ્તામાં ચા-પાણી તથા નાસ્તાની વ્યવસ્થા તો ખરીજ!

યુવાપેઢી અને વડીલ પેઢી સાથે સાથે કામ કરતી હતી અને આ બન્ને સાથે તથા યાત્રાળુઓ સાથે સમજણનો સેતુ સાધી યાત્રાને સફળ બનાવનાર હતા શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી મનોજભાઈ ગઢીયા, શ્રીમતી જ્યોતિબેન વસાણી, શ્રી ચેતનભાઈ માવાણી, શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા, શ્રી વિનુભાઈ ગઢિયા, શ્રી પ્રકાશભાઈ મગદાણી, દરેક કમીટી મેમ્બરો તથા ટ્રસ્ટી હોવા છતાં સેવા બજાવી તે ખરેખર સરાહનીય છે. ભાઈઓ બહેનો અને તેમની ટીમે ખરેખર અતુલનીય સેવા આપેલ છે.

સર્વે યાત્રાળુઓના ચહેરા પર આનંદ હતો, તૃપ્તિ હતી અને સાથે કૃતજ્ઞતાની ભાવના હતી! કારણ, આટલી બધી સગવડ અને તે પણ માત્ર રૂા. ૩૦૦માં જ! અશક્ય! અકલ્પનિય! આજના કળિયુગમાં આવું મહાજન અને આવાં ટ્રસ્ટી ભાગ્યશાળીને જ મળે.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી તથા ટ્રસ્ટમંડળ અને શ્રી ખીમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જેમણે આવી સરસ રહેવાની, જમવાની તથા બસની વ્યવસ્થા કરી તે સૌના અમે આભારી છીએ. આભારની અપેક્ષા વગર તેમના દ્વારા થયેલા આ કાર્યની ઈશ્વરનાં દરબારમાં જરૂર નોંધ લેવાશે. એવી પ્રત્યેક યાત્રાળુની ભાવના છે!

મહાજનની આર્થિક સહાય મેળવનાર કુટુંબ માટે આ યાત્રાનું નિઃશુલ્ક આયોજન થયેલ. આમાં આવી યાત્રા અદ્દભૂત!અકલ્પ્ય! ક્યારેય તેની સ્મૃતિ ભૂસાશે નહી.

માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું એ રીતે તેની યાદ આવતી જ રહેશે.

(દરેક બસમાંથી આવેલા પ્રતિભાવો જગ્યાને હિસાબે સમાવવા શક્ય નહી હોય એમનો સારાંશ લીધેલ છે. ક્ષમા)

લી. સર્વશ્રી કિશોરભાઈ અઢીયા, હંસાબેન વસાણી, રમીલાબેન તન્ના, ભરતભાઈ વડેરા, વંદના છગ, મનસુખલાલ જોબનપુત્રા, હર્ષદભાઈ રાજા, ડૉ. ધનસુખભાઈ મસરાણી, ગુણવંતભાઈ વસાણી, નૂતન દિલીપ ઠક્કર, જે.સી. વડેરા, ઉષાબેન પાંધી, મનસુખભાઈ ચોલેરા અને ઈન્દુબેન ચોલેરા અને અન્ય બધાં યાત્રાળુ વતી, દિવ્યા અઢીયા (પારલા) મો. ૯૮૬૯૬૯૦૭૩૦



# શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ

શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજની સ્થાપના ૧૯૯૩માં થઈ ત્યારથી આ સંસ્થાં લોહાણા બહેનો માટે ધાર્મીક, સામાજીક અને સાંસ્કૃતિક કાયક્રમોનું આયોજન કરે છે.

શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજના પ્રમુખ શ્રીમતી રશ્મિબેન સતીષભાઈ વીઠલાણી છે. જે ઘોઘારી લોહાણા મહાજનના ટ્રસ્ટી પણ છે.

આ સંસ્થા દ્વારા બહેનોના ઉત્કર્ષ માટે અવનવા, ઉપયોગી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

નવરાત્રીમાં માતાજીના ગરબાનું આયોજન કરવામાં આવે છે. તે વખતે બહેનોએ પોતે જાતે બનાવેલી કલાત્મક વસ્તુઓના વેચાણ અર્થે સ્ટોલ રાખવામાં આવે છે જેથી બહેનોને પ્રોત્સાહન મળે, કોઈ વખતે ગરબા સુશોભન તેમજ આરતીની થાળી શણગારવાની હરીફાઈ પણ રાખવામાં આવે છે. દીવાળી સ્નેહ મિલનનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે જેમાં મનોરંજન કાર્યક્રમ તેમજ બહેનો સાથે સહભોજન લે છે. આ સહભોજનનું આયોજન સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ રમતો, પર્યટન, વાનગી, ડેમોસ્ટ્રેશન, નેચરોપેથી થી રોગ દૂર કરવા ડૉકટરો બોલાવી તેમની પાસેથી જાણકારી મેળવવી તે ઉપરાંત સમુહ લગ્નનું આયોજન, તેમજ સમાજના ઉંમર લાયક દીકરા-દીકરીઓ માટે યોગ્ય જીવનસાથી મળી શકે તે હેતુથી પરિચય મિલનનું આયોજન કરવામાં આવે છે.

શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ દ્વારા ૧૧૫ કુટુંબોને અનાજસહાય આપવામાં આવે છે. તેમજ વર્ષમાં એક વખત અનાજ ખીમજી ભગવાન ટ્રસ્ટ તરફથી આપવામાં આવે છે. આ મહિલા સમાજ દ્વારા અનાજ સહાય તેમજ શિક્ષણ સહાય પણ આપવામાં આવે છે. જેમા શિક્ષણ માટે જે વિદ્યાર્થીને ફી સ્કુલ ફીની જરૂરત હોય તેમને સ્કુલ ફી આપવામાં આવે છે. તેમજ સભ્ય બહેનો બાળકોને પ્રોત્સાહન આપવાના હેતુથી ૧ થી ૧૨ ધોરણમાં ઉચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ તથા દ્વિતીય પારિતોષીક આપવામાં આવે છે. અને સરસ્વતી સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. નાના બાળકો માટે ફેન્સી ડ્રેસનું પણ આયોજન કરવામાં આવે છે.

આગામી કાર્યક્રમો માં 'ગીરીરાજજીનો મનોરથ અને ભજન' ઓગસ્ટ મહિનામાં રાખડી, પવિત્રા તથા તોરણ બનાવવાનું ડેમોન્ટ્રેશન, સપ્ટેમ્બર મહિનામાં સરસ્વતી સમારોહ, ઓકટોબર મહિનામાં નવરાત્રીમાં માતાજીના ગરબા તેમજ નવેમ્બર મહીનામાં દીવાળી સ્નેહ મીલન'નું આયોજન કરવામાં આવેલ છે.

તેમજ તારીખ ૨૮-૧૧-૧૫ના સમસ્ત લોહાણા માટે સમુહ લગ્નનું આયોજન કરેલ છે. તેના ફોર્મ અને માહીતી શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી પરથી મળશે.



પુરુષોત્તમ મહિનામાં ગિરિરાજજીના મનોરથમાં ભાવનાબેન તન્ના, શોભાબેન સુબા, પ્રમુખ રશ્મિબેન વિઠલાણી, રશ્મિબેન ઠક્કર, વીણાબેન મગદાણી

માતાજીના આશીર્વાદથી પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વીઠલાણીના પ્રમુખ પદ હેઠળ અને શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજની ટીમના સહકારથી આ સંસ્થા દીવસને દીવસ ઉત્તરોતર પ્રગતિ કરી રહી છે.



અધિક મહિનામાં ગોવર્ધન પૂજા વખતે મહિલા સમાજની બહેનો

ઈલાબેન પોપટ, ઉપપ્રમુખો ઉષાબેન વજાણી તથા ભાવનાબેન તન્ના, શોભાબેન સુબા, ટ્રસ્ટી રમાબેન રાજા, પ્રમુખ અને ટ્રસ્ટી રશ્મીબેન વિઠલાણી, ટ્રસ્ટી રંજનબેન સાયાણી, પુષ્પાબેન મોરઝરીયા, પુષ્પાબેન વસાણી, અધ્યક્ષ અને ટ્રસ્ટી અનસુયાબેન વસાણી, કનકબેન મદલાણી

## શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીની પહેલ

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખની તીવ્ર લાગણી છે કે બધા જ લોહાણા એક છત્ર નીચે સાથે મળે. તેના અનુસંધાનમાં તેમણે હાલાઈ લોહાણા મહાજનશ્રીના પ્રમુખ શ્રી સતિષભાઈ દત્તાણી, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા તથા જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ પોપટ, કચ્છી લોહાણા મહાજનના વસંતભાઈ માણેક તથા નગરઠઠ્ઠા લોહાણા મહાજનના પ્રમુખશ્રી પ્રકાશભાઈનો સંપર્ક કરીને તા. ૧૧-૬-૧૫ના ચતવાણી બાગમાં મીટીંગ મળી હતી. જેમાં ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી, ઘોઘારી લોહાણા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રશ્મીબેન વિઠલાણી, ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કર, ઉપપ્રમુખ શ્રી અષ્ટકાંતભાઈ સુચક અને ઈવેન્ટ મેનેજમેન્ટ કમિટી તરફથી શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા હાજર રહ્યા હતા. હાલાઈ લોહાણા મહાજન તરફથી પ્રમુખ શ્રી સતિષભાઈ દત્તાણી, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા, જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ પોપટ, ટ્રસ્ટી મીનાબેન ઠક્કર, મહેશભાઈ સામાણી, પ્રજ્ઞાબેન મોરઝરીયા, અરવીંદભાઈ ગોટેચા ઉપરાંત સેક્રેટરી રજનીભાઈ કારીયા, હાજર રહ્યા હતા. જેમાં વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે બધા જ લોહાણા જ્ઞાતિના ૩ પ્રોગ્રામ સંયુક્ત કરવાના નક્કી કરેલ. જેમા (૧) દાંડીયા રાસ, (૨) પરિચય સંમેલન (૩) સમુહ લગ્નનું નક્કી કરેલ.

બધા સમાજની સંયુક્ત કમિટી બનાવીને પ્રોગ્રામની રૂપરેખા તેમજ તારીખ આપવાનું નક્કી કરેલ.


શ્રી પ્રવીણભાઈ કોટક

**મહાપરિષદના પ્રમુખપદે બિરાજમાન થવા બદલ શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈ આપને હાર્દિક અભિનંદન આપે છે.**


લિ.
ટ્રસ્ટ બોર્ડ તથા મેનેજીંગ કમીટીવતી

| સતીષભાઈ વિઠલાણી | ફૃણાલ વજાણી | અજીતભાઈ ઠક્કર |
|---|---|---|
| પ્રમુખ | ચેરમેન | મેને.ટ્રસ્ટી |

## શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈ દ્વારા ૨૧મી જૂને યોગ દિવસ મનાવાયો

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની યોગ દિવસની અપીલને અનુલક્ષીને સંસ્થા પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીના સુચન મુજબ તા. ૨૧-૬-૧૫ના યોગ દિવસ શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી અંધેરી મધ્યે યોગગુરૂ શ્રી અશોકભાઈ ભગવાણી તેમજ તેમના ધર્મપત્ની આશાબહેનની આગેવાની નીચે આપણા ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી ઉપરાંત સોસાયટીના મેમ્બરો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ૨ કલાક સુધી આસન, ધ્યાન, પ્રાણાયામ વગેરે કરેલા. બાદમાં સૌ અલ્પાહાર લઈ છુટા પડ્યા હતા.




સ્વ. શ્રી ભૂપેન્દ્રભાઈ પોપટ

સ્વ. શ્રી ભૂપેન્દ્રભાઈ પોપટ આપણા ઘોઘારી સમાજનું રત્ન હતા. તેઓશ્રી આપણા મેનેજીંગ કમીટીના મેમ્બર, શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી ઉપરાંત શ્રી રઘુકુળ વિશ્વ મુખપત્રના તંત્રી હતાં. તેમણે કચ્છમાં આવેલ ભૂકંપ વખતે સુંદર કાર્ય કર્યુ હતું. આપણાં મહાજનનું મુખપત્ર જલ્દી શક્ય બને તેમના માટે પ્રયત્નો કર્યા હતાં. આપણી વચ્ચે તેઓ નથી આ તકે તેઓને સ્મણાંજલી.

Posting Date 26 th of every 3 month
Posted At Mumbai Patrika Channel Shorting
Office Mumbai-400 001 on Dt. 26-7-2015

To,

From :

**Shree Ghoghari Lohana Mahajan - Mumbai**
Lohana Bhavan, Paliram Road,
Andheri (West), Mumbai - 400004.

On behalf of Shree Ghoghari Lohana Mahajan - Mumbai Printed & Published by Shri Satishbhai Dhirajlal Vithlani &
Edited by Ashtakant Harilal Suchak & Printed at Lohana Hitechhu Pvt. 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road,
Worli Mumbai - 400018, Ph. : 2492 0810 & Published at Lohana Bhavan, Paliram Road, Andheri (West), Mumbai - 400058.